અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# આ તાજમહેલ કોનો કોનો છે?



બીજા વિશ્વયુદ્ધના સમયની વાત છે. તાજમહેલને ઢાંકી દેવામાં આવ્યો હતો. તાજમહેલના ગુંબજ સુધ્ધાંને આવરી લેતો માંચડો તૈયાર કરવામાં આવ્યો હતો. દૂરથી જોઈએ તો તાજમહેલની સફેદી જરીકે ન દેખાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. કોઈ બાંધકામ કે ચણતરનું કડિયાકામ ચાલુ હોય તેવો આભાસ ઈ. સ. ૧૯૪૨માં અમુક મહિનાઓ માટે ઊભો કરવામાં આવ્યો. કેમ? કારણ કે તાજમહેલને ખતરો હતો. જાપાનીઝ એર ફોર્સના ફાઈટરો ગમે ત્યારે તાજમહેલ પર બોમ્બ ફોડીને ભરતાની ધરોહર સમાન એ સ્થાપત્યને જમીનદોસ્ત કરી શકે તેમ હતા. હાવડા બ્રિજને પણ ઉડાડી નાખવાની ધમકી જાપાને આપી હતી. તાજમહેલ પર આવો ખતરો જાપાન પછી બીજી બે વખત પણ આવી ચડ્યો હતો. ૧૯૬૫ અને ૧૯૭૧નાં પાકિસ્તાન યુદ્ધ વખતે પણ બોમ્બર પ્લેનના પાયલટને ગુમરાહ કરવા માટે તાજમહેલ ફરતે માંચડો બાંધવામાં આવ્યો હતો, જેથી આકાશમાંથી તાજમહેલ શોધીને તેને નિશાન બનાવવું અઘરું પડે.

તાજમહેલ પરનો ખતરો હજુ ટળ્યો નથી. એક સમયે દુશ્મન દેશોના ઘુરિયલ શાસકો તેને મિટાવી દેવાની પેરવીમાં હતા. હવે આપણા જ ઘરના એટલે કે ભારતના જુદા જુદા માણસો છે જે તાજમહેલ પર વખતોવખત દાવો કર્યા કરે છે.

તાજમહેલ વિશ્વની અજાયબી ખરી, પણ વિવાદનું સ્થળ પણ ખરું. ઘણા સમયથી જુદી જુદી વ્યક્તિઓ દ્વારા એવા દાવાઓ કરવામાં આવે છે કે તાજમહેલ મુસ્લિમોએ નથી બંધાવ્યો, તાજમહેલના ચણતરમાં શાહજહાં જેવા ક્રૂર શાસકનો કોઈ હાથ નહોતો, તાજમહેલ હકીકતમાં તો એક મંદિર હતું, તાજમહેલની જમીન નીચે બિનઇસ્લામી ધર્મની અનેક સાબિતીઓ કે અવશેષો મળી આવશે - આવી વાતો ઘણા દશકથી ભારતમાં ફેલાયેલી છે. તાજમહેલને સાંકળતી અનેકાનેક વાયકાઓ મોટા ભાગે ખોટી અને પાયાવિહોણી હોય છે, પરંતુ તાજમહેલનું ઈતિહાસમાં કદ અને મહત્ત્વ એટલું ઊંચું છે કે આવી વાયકાઓ તરતી રહે છે, જેમ કે શાહજહાંએ તાજમહેલ બની ગયા પછી બધા મજૂરોના હાથ કાપી નાખ્યા હતા. હજુ ઘણા લોકો આ અફવાને સાચી માની લે છે. અફવા બનાવનારા હોશિયાર કે આવું માની જનારા મૂર્ખ તે નક્કી કરવું મુશ્કેલ છે.

'બંટી ઔર બબલી'. આ ફિલ્મની રિમેક હમણાં બની. ફિલ્મનો આ નવો પાર્ટ ક્યારે આવ્યો અને ક્યારે ચાલ્યો ગયો એ જ કોઈને ખબર ન પડી, પરંતુ પ્રથમ 'બંટી ઔર બબલી'માં તાજમહેલ વેચવાની વાત આવે છે. એક મૂરખ ફોરેનર તાજમહેલ ખરીદવા માટે તૈયાર થઇ જાય છે. છેલ્લે તેને પાંચેક વર્ષની લીઝ પર તાજમહેલ મળે છે. પોતાની જાન લઈને તાજમહેલના દરવાજે પહોંચ્યા પછી તેને ખબર પડે છે કે તે છેતરાઈ ગયો. હવે તાજમહેલને હિંદુ મંદિર કે હિંદુ સ્થાન ગણાવતા અમુક લોકોએ લેટેસ્ટ તાજમહેલના બંધ રહેલા બાવીસેક ઓરડા ખોલવા માટે કોર્ટમાં પિટિશન કરી હતી. કોર્ટે ફટાફટ તે પિટિશનને સખત શબ્દોમાં વખોડી. જજે તો ત્યાં સુધી કહ્યું કે આવી ફાલતુની ચર્ચા તમારા ઘરના ડ્રોઈંગ રૂમ સુધી રાખો, કોર્ટનો સમય ન બગાડો.

તાજમહેલ હિંદુઓનો છે કે મુસલમાનોનો અને તેના બાવીસ રૂમમાં દેવી-દેવતાઓની મૂર્તિ છે કે નહિ તે તપાસ કરવા માટે અલાહાબાદ હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. અરજી કરનાર ભાજપ યુથ મીડિયાના ઇન-ચાર્જ રજનીશ સિંહ હતા. લખનઉની બેચ સામે તેમણે કોર્ટમાં રજૂઆત કરી કે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાની મદદથી તાજમહેલના વર્ષોથી બંધ રહેલા ઓરડાઓ ખોલવામાં આવે અને બંધ દરવાજા પાછળ શું રહેલું છે તે પ્રજાને બતાવવામાં આવે. પિટિશન કરનારે વધુમાં એવું પણ કહ્યું જે વર્ષોથી આપણે સાંભળતા આવીએ છીએ. તાજમહેલ હકીકતમાં 'તેજો મહાલય હતું.' તે માણસે સરકારને વિનંતી કરી કે એક ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીનું ગઠન કરવામાં આવે અને તે તાજમહેલનો સાચો ઈતિહાસ દેશ સમક્ષ મૂકે.

વાત આટલેથી અટકી નહિ. જયપુર-રાજસ્થાનનાં ભાજપનાં જ નેતા દિવ્યાકુમારીએ બુધવારે કહ્યું કે જે જમીન પર તાજમહેલનું બાંધકામ થયું છે તે જમીન મૂળે તો જયપુરના રજવાડી ખાનદાનની હતી. તેમણે તો જરૂર પડ્યે કોર્ટમાં દસ્તાવેજો બતાવવાની પણ તૈયારી બતાવી. કોર્ટે ઝાટકણી કાઢીને બધું ખારીજ કર્યું. પિટિશન કરનારે અમુક પુસ્તકો અને ભૂતકાળના અમુક બનાવોની સાથે બહુ દલીલો કરી, પણ તાજમહેલના રૂમ ન ખૂલ્યા. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાએ કહી દીધું કે તાજમહેલના બાવીસ રૂમ સુરક્ષાના કારણોસર બંધ કરવામાં આવ્યા છે. સવાલ એ થાય છે કે તાજમહેલ હિંદુ સ્થાન છે તે અફવા ઊઠી ક્યારે?

પી. એન. ઓક નામના એક ઇતિહાસકાર અને લેખકે વર્ષો પહેલાં તાજમહેલ પર એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. તેમણે ઇન્સ્ટિટ્યૂટ ઓફ રિરાઈટિંગ ઇન્ડિયન હિસ્ટરી નામની સંસ્થાની સ્થાપના પણ કરી છે. ઈ. સ. ૧૯૮૯માં તાજમહેલ પર તેમણે બહાર પાડેલી બુકનું શીર્ષક છે - 'તાજ મહાલઃ ધ ટ્રુ સ્ટોરી'. પી. એન. ઓકે તેના પુસ્તકમાં દલીલ કરી છે તાજમહેલ ચોથી સદી જેટલો જૂનો છે અને ત્યારથી તે શિવ મંદિર હતું. આખા તાજમહેલનાં મૂળિયાં હિંદુ ધર્મનાં છે એવું તેમનું કહેવાનું છે. આ પુસ્તકના જોર પર જ ૨૦૧૭માં ભાજપના રાજ્યસભાના સભ્ય વિનય કટિયારે તાજમહેલને તેજો મહાલય નામનું શિવ મંદિર કહ્યું હતું. પી. એન. ઓક ફક્ત પુસ્તક લખીને બેસી ગયા નહોતા. તેમણે સુપ્રીમ કોર્ટમાં પણ યાચિકાને દર્જ કરાવી હતી. કોર્ટે તે સમયે પણ ઓકસાહેબનું અપમાન કરીને પિટિશનને નામંજૂર કરી દીધી હતી.

પી. એન. ઓકની ઈચ્છા છે કે સાચો ઈતિહાસ લોકો સમક્ષ આવે. ૧૯૭૬માં તેમણે લખનઉના મકબરાઓ વિષે લખ્યું હતું. ૧૯૯૬માં દિલ્હીનો લાલ કિલ્લો હિંદુ સ્થાપત્ય છે એવું પણ તેમણે કહ્યું અને લખ્યું. આ બધા દાવાઓ માટે તે યોગ્ય દલીલો પણ આપે જ છે. તે જ વર્ષે 'ઇસ્લામિક હેવોક ઇન ઇન્ડિયન હિસ્ટરી' એવું પુસ્તક પણ બહાર પાડ્યું. મોહમ્મદ ઘોરીએ જ્યારે ભારત પર આક્રમણ કર્યું ત્યારે તેજો મહાલયનો ધ્વંસ થઇ ગયો હતો. પછી ધીમે ધીમે તાજમહેલ બનતો ગયો અને તેનું સમારકામ થતું ગયું. પી. એન. ઓકે પણ તાજમહેલના બંધ દરવાજાઓ ખોલવાની માગણી કરી હતી. ૨૦૧૫ના આગ્રામાં પણ આ જ પ્રકરણની પિટિશન ફાઈલ થઇ હતી અને તાજમહેલ હિંદુ મંદિર છે એવું ઘોષિત કરવાનો પ્રયત્ન કર્યો હતો.

અત્યારે તો કોર્ટના અનુભવી ન્યાયાધીશોએ બધાને ખખડાવ્યા છે. આવી બાલીશ ચર્ચાઓ કરવાની ના પાડી છે. આપણે ત્યાં છેલ્લા થોડા સમયથી ભાષા અને રાષ્ટ્રભાષાનો વિવાદ ચાલે છે. તેના પછી તાજમહેલ હિંદુ છે કે ઇસ્લામિક તેના વિવાદો શરૂ થયા. ચિત્રવિચિત્ર જ નહિ, પણ ઊટપટાંગ હરકતોથી અમુક લોકો બાઝ નથી આવતા. તાજમહેલને આટલાં વર્ષો થયાં. તેની સુંદરતા આજે પણ અભિભૂત કરી દે છે અને ભવિષ્યમાં પણ પેઢી દર પેઢી તાજમહેલ બધાને અચંબિત કરતો રહેશે. યુનેસ્કોએ તેને વર્લ્ડ હેરિટેજ પ્લેસમાં સ્થાન આપ્યું છે. દુનિયાની સાતમી અજાયબીઓમાં એક એવી તાજમહેલની ગણતરી થાય છે. કેટલાય વિદેશીઓ ફક્ત તાજમહેલ જોવા માટે ભારત પધારે છે.

હવે આપણે તટસ્થતાથી વિચારીએ. દુનિયાના માનવ ઈતિહાસમાં જ્યારે જ્યારે જે ધર્મના લોકોએ જે તે પ્રદેશ આંચકી લીધો હોય તે ધર્મની અસર કળા, સંસ્કૃતિ, ભાષા અને સ્થાપત્યમાં જોવા મળે. મોગલો અને મુસ્લિમો આવ્યા એ પહેલાં ભારતમાં બહુધા લોકો હિંદુઓ હતા, બાકી જૈનો અને બૌદ્ધો હતા. મુસ્લિમો અહીંના વતની નથી. અશોકના સમયની આજુબાજુ ત્રણ હજાર વર્ષનો (જુઓ પાનું ૧૧) ▶▶

## મોર્નિંગ મ્યૂઝિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com




# નીલા આસમાન મેં સંતૂર સો ગયા

૮૩ વર્ષની વયે, મંગળવારે અલવિદા ફરમાવી ગયેલા સંતૂર વાદક પંડિત શિવકુમાર શર્માની (વાંસળીવાદક હરિપ્રસાદ ચૌરસિયા સાથે) પહેલી હિન્દી ફિલ્મ સિલસિલા (૧૯૮૧) નહોતી. તેમની પહેલી ફિલ્મ ૧૯૫૫માં આવેલી વી. શાંતારામની ઝનક ઝનક પાયલ બાજે હતી. ફિલ્મનું મુખ્ય સંગીત વસંત દેસાઈનું હતું, પરંતુ એક દ્રશ્યમાં બેકગ્રાઉન્ડ સંગીત તરીકે પંડિતજીએ સંતૂર વગાડી હતી. તે વખતે તેમની ઉંમર ૧૭ વર્ષની હતી. હિન્દી ફિલ્મોમાં સંતૂરનો અને પંડિતજીનો એ પહેલો પ્રવેશ હતો. ૨૫ વર્ષ પછી, સિલસિલામાં તેમણે પૂરું સંગીત આપ્યું, ત્યારે ઝનક ઝનક પાયલ બાજે પ્રત્યેનો આદર વ્યક્ત કરવા માટે, મીરાનું ભજન જો તુમ તોડો પિયા તેમાં દોહરાવવામાં આવ્યું હતું. સંયોગ કેવો કે લતા મંગેશકરે પહેલીવાર વસંત દેસાઈના સંગીતમાં એ ભજન ગાયું હતું અને બીજીવાર શિવ-હરિની ધૂન પર ગાયું.

પંડિત શિવકુમાર શર્મા, સંતૂરના સુલતાન તરીકે હિન્દુસ્તાની શાસ્ત્રીય અને ફિલ્મી સંગીતમાં મશહૂર થયા હતા. એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું, વસંત દેસાઈને સંતૂર વાદનની આંટીઘૂંટીની ખબર નહોતી, એટલે મને જે રીતે ફાવે એ રીતે સંતૂર વગાડવા માટે મને છુટ્ટો દોર આપ્યો હતો. શાંતારામજી એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે મને તેમની આગામી ફિલ્મ તૂફાન ઔર દિયા ઓફર કરી હતી, પણ મેં કહ્યું કે મારે મારા પિતાજીની ઈચ્છા પ્રમાણે પહેલાં ભણતર પૂરું કરવું છે, અને હું જમ્મુ પાછો જતો રહ્યો.

સંતૂર સાચે જ અનોખું અને અઘરું વાજિંત્ર છે. એ લાકડાનું ચતુર્ભુજાકાર બૉક્સ જેવું વાદ્ય છે. તેની ઉપર બે-બે મેરુની પંદર પંક્તિઓ હોય છે. એક સૂરથી મેળવાયેલા ધાતુના ચાર તાર એક જોડી મેરુ સાથે લાગેલા હોય છે. એ રીતે તારની સંખ્યા ૬૦ થાય છે (ઘણી જગ્યાએ એ ૧૦૦ હોય છે). તેને વગાડવા માટે આગળથી વાંકી બે દંડીઓનો ઉપયોગ થાય છે.

સંતૂર આમ તો વીણા, સરોદ અને સિતારના પરિવારનું જ છે, પણ એ સૌ ભિન્ન છે. પંડિતજી એક જગ્યાએ કહે છે, મારા પિતા પંડિત ઉમા દત્ત શર્મા બનારસના પંડિત બડે રામદાસજીના હાથ નીચે તબલાં શીખ્યા હતા. બાળપણમાં તેમણે કાશ્મીરના મહારાજાના દરબારમાં બડે ગુલામ અલી ખાન સાથે પરફોર્મ કર્યું હતું. તેઓ જયારે જમ્મુ-શ્રીનગર રેડિયોમાં સંગીત સુપરવાઈઝર તરીકે કામ કરતાં હતા ત્યારે, સુફી શૈલીમાં વાગતું સંતૂર જોયું હતું અને તેમને થયું હતું કે આ વાદ્ય તો શાસ્ત્રીય શૈલીમાં પણ ચાલે તેવું છે.

એ રીતે પંડિતજીનો પરિચય સંતૂરથી થયો હતો. પંડિતજી કહેતા હતા કે સંતૂર હિન્દુસ્તાની અને ફારસી સંગીતની જુગલબંધીનું પ્રતિક છે. આમ તે કાશ્મીરનું વાદ્ય કહેવાય છે અને સંસ્કૃત લખાણોમાં પણ તેનો ઉલ્લેખ છે અને બીજી બાજુ તે ૧૮૦૦ વર્ષો પહેલાં ઈરાનમાં પણ પ્રચલિત હતું. સંતૂર ફારસી નામ છે, જેનો અર્થ થાય છે સો તાર. સંસ્કૃતમાં તેને નામ શત-તંત્રી વીણા કહે છે-૧૦૦ તારની વીણા.

સંતૂરની એક દિલચસ્પ ખાસિયત એ છે કે દુનિયાના અલગ-અલગ હિસ્સાઓમાં આ પ્રકારનો વાદ્યો લોકપ્રિય છે અને અને તેમને ભિન્ન-ભિન્ન નામથી બોલવામાં આવે છે. જેમ કે ચીનમાં તેનું નામ યાંગ ક્વિન છે, મધ્ય એશિયાના દેશોમાં તેને સિમ્બાલે, ઈરાન-ઈરાકમાં સંતૂર, ગ્રીસમાં સંતારી, જર્મનીમાં હેમ્બ્રટ, હંગેરીમાં સિમ્બલમ, અને યુરોપ-અમેરિકામાં હેમર-ડુલસીમર કહે છે.

ઈરાન અને મેસોપોટેમીયા ઉત્ખનન દરમિયાન, અસિરિયન અને બેબીલોનની પથ્થરોની નક્કાશીમાં ગળામાં લટકાવીને સંતૂર વગાડતા હોય તેવા માણસોનાં ચિત્રો મળ્યાં છે. એવું મનાય છે કે આ વાદ્ય મધ્ય પૂર્વના અલગ-અલગ હિસ્સાઓમાં ગયું હતું અને લોકોએ તેને ભિન્ન-ભિન્ન નામથી બોલવાનું શરૂ કર્યું હતું.

પંડિત શિવકુમાર શર્માની પહેલી તાલીમ તબલાંમાં હતી. તે વખતે તેમની ઉંમર પાંચ વર્ષની હતી. તેમણે કહ્યું હતું, તબલાં અને ગાયકીમાં ૧૩ વર્ષ સુધી મારી સખત તાલીમ ચાલી હતી. તે દરમિયાન, મારા પિતા સંતૂર પર હિન્દુસ્તાની શાસ્ત્રીય રાગ બેસાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ૧૩ વર્ષની ઉંમરની આસપાસ તેમણે મને સંતૂર પર હાથ અજમાવાનું કહ્યું. ખબર નહીં કેમ, પણ મારો હાથ ઝડપથી બેસી ગયો. ત્યાં સુધી કે ૨-૩ વર્ષમાં જ હું રેડિયો પર બાળ-કાર્યક્રમોમાં સંતૂર વગાડતો હતો. ૧૮ વર્ષની ઉંમરે, મુંબઈમાં હરિદાસ સંગીત સંમેલનમાં મેં પહેલીવાર સાર્વજનિક રીતે સંતૂર વગાડ્યું હતું.

પંડિત શિવકુમાર શર્માના સંતૂર વાદનને લોકો સદીઓ સુધી યાદ રાખશે, પરંતુ એક બીજી વાત શીખવા જેવી એ છે કે વ્યક્તિમાં ધગશ અને ખંત હોય તો, તે સંતૂર જેવા અજાણ્યા અને અઘરા વાદ્યની સુલતાન બની શકે છે. પંડિતજીએ તેમની એ શીખવાની વૃતિ વિશે અમુક સરસ વાતો કરી હતી, તેને ગાંઠે બાંધવા જેવી છે:

- શીખવાનો ક્યારેય અંત નથી હોતો, બશર્તે કે તમારી નજર શીખવા માટે તૈયાર હોય.
- જેટલા પણ દૌરમાંથી પસાર થયો છું; દરેક દૌરમાં, દરેક પરિસ્થિતિમાં, દરેક વ્યક્તિ પાસેથી, ચાહે એ કલાકાર હોય, શ્રોતા હોય અથવા શિષ્ય, હું કાયમ તેની પાસેથી કંઇકને કંઇક શીખ્યો છું. (જુઓ પાનું ૧૧) ▶▶

## સાહબ બાથરૂમ મેં હૈ

આશ કરણ અટલ
feedback@
bombaysamachar.com

# સિનેમાની સફર

### સ્થાયી પાત્રો વિશેની જાણકારી મેળવ્યા બાદ હવે આ બધાં સ્થાયી પાત્રોના પ્રકારો વિશે જાણકારી મેળવી લઈએ

## નાયકના પ્રકાર

સાહિત્યમાં બતાવ્યા મુજબ નાયક ચાર પ્રકારના હોય છે, પરંતુ ફિલ્મોના નાયકો ચારસો વીસ પ્રકારના હોય છે. સાહિત્યના નાયકોનાં કામ એકદમ સીધાં હોય છે, પરંતુ તેમનાં નામ અત્યંત મુશ્કેલ હોય છે. તેમનાં નામ સાંભળીને જ સામાન્ય માણસ ભાગી જાય, જેમ કે ૧) ધીરોદત્ત, ૨) ધીરોદ્ધત, ૩) ધીરલલિત અને ૪) ધીરશાન્ત.

ફિલ્મી નાયકોનાં કામ ભલે ગમે તેવાં હોય, પરંતુ તેમનાં નામ એકદમ સીધાં અને સરળ હોય છે, જેમ કે રોમેન્ટિક નાયક, સિંગર નાયક, ફાઈટર નાયક, પારિવારિક નાયક, ઐતિહાસિક નાયક વગેરે વગેરે...

આમ તો આખી દુનિયા ભેદભાવથી ભરેલી છે, પરંતુ આપણા ફિલ્મી નાયકોમાં ભેદભાવ કરવાનું અત્યંત મુશ્કેલ હોય છે. ક્યારેક ધ્યાનથી જોવામાં આવે તો એક નાયક અને બીજા નાયકમાં જરા જેટલો જ ફરક જોવા મળે છે. આ જ થોડા ફેરફારના આધાર પર કેટલાક અત્યંત જાણીતા નાયકોની આપણે વાત કરીએ.

## રોમેન્ટિક નાયક

એક રોમેન્ટિક પ્રકારનો નાયક હોય છે. આમ તો નાયક કહેવાનો અર્થ જ એવો થાય કે તે રોમેન્ટિક હોવો જોઈએ. રોમેન્સ કરવો એ નાયકનો જન્મસિદ્ધ અધિકાર હોય છે અને નાયક જો રોમેન્ટિક હોય તો પછી કહેવું જ શું? એક તો કરેલા ઉપર સે નીમ ચઢા. સુંદર વસ્ત્રો પહેરીને એક હાથમાં ગિટાર લઈને નીકળી પડ્યા રોમેન્સ કરવા માટે. ન ભણવું, ન નોકરી, ફક્ત એક જ ધંધો, રોમેન્સ. ફિલ્મોમાં બીજા નાયકો પણ રોમેન્સ કરતા હોય છે, પરંતુ તેઓ રોમેન્સની સાથે સાથે અન્ય કામ પણ કરતા હોય છે, જેમ કે બદલાની વાર્તાનો નાયક રોમેન્સ પણ કરશે, સાથે સાથે તે પોતાના બાપનો બદલો પણ લેશે. એક પારિવારિક ફિલ્મનો નાયક સાંજે રોમેન્સ કરશે, પરંતુ સાથે તે ઓફિસ પણ જશે. બીજી તરફ રોમેન્ટિક પ્રકારના નાયકને રોમેન્સ સિવાય અન્ય કશું પણ કરવાની પરવાનગી હોતી નથી. તે જાગશે તો રોમેન્સનાં સપનો જોશે. એકદમ ટ્વેન્ટીફોર અવર જોબ. કોઈ રજા નહીં અને કોઈ આરામ નહીં. તેનું શિક્ષણ, તેની જવાની અને તેની આખી જિંદગીનું ફક્ત એકમાત્ર લક્ષ્ય હોય છે. નાયિકાને દિલ આપવું અને નાયિકાનું દિલ લઈ લેવું. તેને માટે શિક્ષણ લેવાનો અર્થ છે કે નાયિકાને લાયક બનવું. તેને માટે યુવાન થવાનો એકમાત્ર ઉપયોગ છે, નાયિકા સાથે કપલ સોન્ગ ગાવાં. તેના જન્મનો એકમાત્ર હેતુ હોય છે, પ્યારમાં જીવવું અને પ્રેમમાં મરી જવું.

(જુઓ પાનું ૧૧) ▶▶



## શરદ જોશી સ્પીકિંગ

ભાવાનુવાદઃ સંજય છેલ
feedback@
bombaysamachar.com

# લગ્નઃ આગ કા દરિયા હૈ, ડૂબ કે જાના હૈ!

મનુષ્ય વિવાહશીલ પ્રાણી છે. બાપુ, જે જન્મે છે ને, એ પરણીને જ રહે છે! ભલભલા લોકોના જહાજ આ સંબંધોના દરિયામાં ડૂબી ગયા છે, વિશ્વામિત્રના આશ્રમ નાશ પામ્યા છે. જે કમળ જેવી અદાથી ઉપર ઊઠ્યા હતા, એ પણ સમય જતાં 'સેટલ ડાઉન'નું ગૌરવ મેળવીને તળેટીમાં જઈને બેઠા છે.તો પછી મારો એક મિત્ર આજે લગ્ન કરી રહ્યો છે એમાં આશ્ચર્ય શેનું? હમણાં હમણાં જ પોસ્ટથી મને એની બરબાદીના લગ્ન પ્રસંગનું આમંત્રણ

મળ્યું છે અને હું બેસીને વિચારી રહ્યો છું કે, મનુષ્ય ખરેખર વિવાહશીલ પ્રાણી છે!

અરે, કાલ સુધી તો એ મારો મિત્ર સાઈકલ પર બેસીને આખું શહેર ફરતો હતો. એ અટ્ટહાસ્ય કરતો ત્યારે શેરીઓ આપસમાં ધ્રૂજતી, કોઈ પણ ટિકિટ ખરીદવી જેમ કે ફિલ્મની હોય, નાટકની હોય કે ક્રિકેટ મેચ જોવાની હોય એ એના ડાબા હાથનો ખેલ હતો, દીવાલ કૂદવી એ તો એના માટે સામાન્ય પ્રવૃત્તિ હતી, વાનગીઓથી ભરેલી પ્લેટોની પ્લેટો એ એકઝાટકે ખાલી કરી નાખતો હતો, કિંમતી કપડાં એના શરીરને વીંટળાવા માટેની તીવ્ર ઈચ્છા રાખતા હતા. એ સિકન્દર હતો અને ક્યારેક ફરહાદ(રોમિયો) હતો. અમારા જેવા ઉધાર લેવાની ઈચ્છાવાળાઓ માટે એ કુબેર હતો. કોઈ પણ બિલ હોય એ એકદમ સરળતાથી ચૂકવી દેતો અને કોઈ પણ અશક્ય યોજનાને ફાઇનાન્સ કરવા માટે તૈયાર થઈ જતો. એ જાપાન, ઈટલી અને દક્ષિણ અમેરિકાની દરેક ગલીઓ, દરેક ચોક પર પગપાળા રખડવાનો મજબૂત ઈરાદો રાખતો હતો.અમને એ મિત્રથી ઘણી આશાઓ હતી, એ મોટી મોટી સંભાવનાવાળો માણસ હતો, જો એ કોલંબઇસની જેમ દરિયામાં વહાણ લઈને નીકળે તો ચોક્કસ એણે કોઈ નવા દેશની શોધ કરી હોત! એ જમીનની અંદર ઊતર્યો હોત તો હીરાની ખાણની જાણકારી આપી હોત અને જો એ ઉપર આકાશમાં ઉડ્યો હોત તો 'એસ્ટ્રોનોટ' હોતે, પરંતુ ઉફ્ફ...આજે એ બધી સંભાવનાઓ પીગળી ગઈ! ખેંચાયેલી તલવાર મ્યાનમાં જ રિટાયર્ડ થઈ ગઈ!

હદ છે કે મારો મિત્ર બિચારો લગ્ન કરી રહ્યો છે! પોતાને કુંવારા રહેવાનું પ્રતિજ્ઞાપત્ર ભૂલીને, અહિંયા ત્યાં બધે ગુલાબી આમંત્રણ મોકલી રહ્યો છે. આ કમ્બખ્તને શરમ પણ નથી આવતી! એક એવું (લગ્ન જેવું વાહિયાત) કામ કરીને એ મોઢું બતાવવાની હિંમત કરી શકશે? સમજ નથી પડતી કે એ લગ્ન જેવા અકસ્માતનો શિકાર થયો કેવી રીતે? માણસ ચાલતા ચાલતા એક એવા પડાવ પર પહોંચે છે જ્યાં એ લગ્ન કરી લે છે અથવા થઈ જાય છે. કદાચ બધાના લગ્ન હંમેશાં કરવામાં નથી આવતા, પણ આપોઆપ થઈ જાય છે. જેમ કે પ્રેમ કરવામાં નથી આવતો, કમ્બખ્ત થઈ જાય છે! કેટલાય હનુમાન ઈંજેક્શનના ચાલીસ કોર્સ કરી લો, લગ્ન તો પણ થઈ જ જાય છે! લગ્ન : 'આગ કા દરિયા હૈ ઔર ડૂબકે જાના હૈ'! બલ્કિ ડૂબી જ જવાનું છે અને પોતે ઠંડા થઈ સાથે આ દરિયાને પણ ઠંડો કરી દેવાનો છે.

લગ્ન કરવાવાળો માણસ કોઈનીયે સલાહ માનતો નથી. પોતાના સગા આત્માની પણ નહીં. એ બસ શરીરને લગ્નના પ્રચંડ પ્રવાહમાં વહાવી દેવાનું જાણે છે, પછી એ પ્રવાહ ભલે એને ડૂબાવી કેમ ન દે? ના એ હિતેચ્છુનું સાંભળે છે અને ના કોઇ શુભેચ્છકનું. એ આમ-તેમ આશીર્વાદ માટે ફાંફાં મારે છે, શુભેચ્છાઓ માટે ભીખ માંગે છે અને અનાથની જેમ વેલકમ ડિનરમાં પહોંચી જાય છે. એને બધે જ હર્યું ભર્યું દેખાય છે. એના ખિસ્સાઓ સાથે એ પણ કેટલો ખાલી થઈ ગયો છે, આની એની ખબર નથી. એને નથી ખબર કે એના ઉત્સાહ અને ઉમંગનો પારો ધીમે ધીમે નીચે પડી રહ્યો છે. એના પર એક જાતનો નશો છવાય જાય છે, 'હિપનોટાઈઝ' જેવો થઈ જાય છે, મોહિની વશીકરણના કેદમાં બંધ થઈ જાય છે અને પછી જ્યારે એ ભાનમાં આવે છે ત્યારે એનામાં ધીમે-ધીમે સમજદારી આવે છે, ગુલાબી નશાથી મુક્ત થઈ એની આંખ ખૂલે છે, ત્યારે એ જુએ છે કે એ તો ઓલરેડી ત્રણ છોકરાઓનો બાપ થઈ ગયો છે! ત્રણેય છોકરાઓનો શુદ્ધ એકલો બાપ!

જે ક્યારેક મેરેથોન જીતતો હતો હવે એના પગમાં બેડીઓ પડી ગઈ છે. હવે એ કોઈ કામનો રહ્યો નથી. એ એક બાપ છે અને બાપ બનતા રહેવું એ જ એનું નસીબ છે. એ લગાતાર બાપ બનતો રહેશે અને

(જુઓ પાનું ૧૧) ▶▶